



# BLITHCHRON FEVER @ IITGn

IIT ગાંધીનગરના બે દિવસીય કલ્ચર ફેસ્ટના પ્રથમ દિવસે સ્ટુડન્ટસે સિંગિંગ અને સ્ટ્રીટ પ્લે દ્વારા પોતાનું ટેલેન્ટ બતાવ્યું

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજીના એન્યુલ કલ્ચર ફેસ્ટ "Blithchron-16"નો પ્રારંભ આઈઆઈટી ગાંધીનગરના પાલેજ કેમ્પસ ખાતે પ્રારંભ કરવામાં આવ્યો હતો. બે દિવસીય કલ્ચર ફેસ્ટના પ્રથમ દિવસે આઈઆઈટીયન્સે ટેકનોલોજીની સાથે આર્ટ એન્ડ કલ્ચરમાં તેઓ બધા કરતા હટકે છે તે વિવિધ કલ્ચર પરફોર્મન્સ આપીને સાબીત કરી આપ્યુ હતુ. ટેકનોલોજી અને સાયન્સની સ્ટડી ખૂબ સ્ટ્રેસફુલ હોય છે ત્યારે આઈઆઈટી ગાંધીનગરની દ્વારા આયોજીત આ કલ્ચર ફેસ્ટ દ્વારા સ્ટુડન્ટસમાં સ્ટડી સિવાયના ટેલેન્ટ કઈ રીતે બહાર આવી શકે તે માટે આ એન્યુલ કલ્ચર ફેસ્ટનું આયોજન કરવામાં આવ્યુ હતુ.





